સુવિચાર

શ્રધ્ધા અને ભકિત સાચી હોય તો પથ્થરમાંથી પણ દેવત્વ પ્રગટે છે !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૪/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કેસર મોહીની શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૬,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૧૧૫

## કળિયુગને પણ શરમ આવે તેવી ઘટના ડેડાણમાં બની

# હદ થઇ : પિતાએ અર્ધી રાત્રિએ પુત્રીની હત્યા કરી

**પુત્રીને અન્ય યુવક સાથે પ્રેમસંબધ હોય જે પિતાને મંજૂર ન હતો**

**૧૮૧ અભ્યમ્‌ની ટીમ આવી પહોંચે તે પહેલા જ હત્યાની ઘટના બની ગઇ**

**પ્રેમી યુવક અન્ય ધર્મનો હોવાથી આબરૂ જવાની બીકે પિતાએ કરી હત્યા**

**પીઆઇ આર.જી. ચૌહાણે ખુદ ફરિયાદી બનીને ગુન્હો દાખલ કરી તપાસ આદરી**



મૃતક યુવતીની ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૨૫

ખાંભા તાલુકાના ડેડાણ ગામની ઈશિકાબેન ખોખર નામની યુવતીને એક યુવક સાથે પ્રેમસંબંધ હતો અને તે તેની સાથે લગ્ન કરવા માંગતી હતી. જો કે તેના પિતા મજીદભાઈ ગુલાબભાઈ ખોખરને આ સંબંધ મંજૂર ન હોય તેઓ સમાજમાં પોતાની આબરૂ જવાની બીકે દીકરીને તેના પ્રેમી સાથે લગ્ન કરવા દેવા માંગતા ન હતા. પરિણામે સગી દીકરી ઈશિકાનું ગળુ દબાવીને હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી હતી.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતક ઈશિકાબેનના મૃતદેહનો કબ્જો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી પિતા મજીદભાઈ ખોખરની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આશ્ચર્યની વાત છે કે મૃતક ઈશિકાને કાના નામનાં યુવક સાથે પ્રેમસંબંધ હતો પણ પિતા મજીદભાઈ અને માતા મુમતાઝબેનને એ મંજુર ન હોય જેથી છેલ્લા ઘણા સમયથી ઘરમાં કંકાશ ચાલતો હતો.

આ દરમિયાન તા. ૨૪ના રાત્રે અઢી વાગ્યાના અરસામાં ઈશિકાએ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરીને મદદ માંગી હતી. જેથી અભયમ્ ટીમ ડેડાણ ગામે પહોંચતા માતા મુમતાઝબેને દરવાજો ખોલ્યો અને ઈશિકા સુતી હોવાનું કહ્યું હતું. જેથી તેમને જગાડવાનું કહેતા માતાએ આનાકાની કરી હતી. જેથી શંકા જતાં અભયમ્ ટીમે રૂમમાં જઈને જોતા ઈશિકા પથારીમાં બેભાન જેવી હાલતમાં હતી. પરિણામે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ૧૦૮

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલાનાં આંબેડકરનગરની ઘટના

## માતાના મૃત્યુનાં શોકમાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**રવિરાજભાઈ પરમારનું મોત નિપજયુ**

અમરેલી, તા. ૨૫

સાવરકુંડલા ગામે ખાદીકાર્યાલય પાછળ આવેલ આંબેડકરનગરમાં રહેતા રવિરાજભાઈ જયંતીભાઈ પરમાર નામના ૨૪ વર્ષિય યુવકના મમ્મી સાતેક મહિના પહેલા અવસાન પામેલ હોય. જેથી યુવકને મનમાં લાગી આવતા તા. ૨૩ના રાત્રે ૮:૩૦ વાગ્યે ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પાણીની મોટર બહાર કાઢવા જતાં

## ધારીનાં ગોવિંદપુર ગામે કૂવામાં અકસ્માતે પડી જવાથી વૃધ્ધનું મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨૫, ધારી તાલુકાના ગોવિંદપુર પ્રાથમીક શાળા પાસે રહેતા કુવાની પાસે રહેતા બચુભાઈ રૂડાભાઈ ભુવા નામના ૭૬ વર્ષિય વૃધ્ધ તા. ૨૨ના સવારના આશરે સવારે ૯:૩૦ વાગ્યે પ્રવિણભાઈ બચુભાઈ ભુવાની વાડીએ મોટર બહાર કાઢવા માટે થઈને દોરડુ બાંધી કુવામાં ઉતરતા હતા. ત્યારે અકસ્માતે દોરડુ વૃધ્ધના હાથમાંથી છુટી જતા તે નીચે પડી જતાં તેમને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સાવરકુંડલા, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ સહિતનાં પંથકો બાદ

## લ્યો બોલો : લાઠીનાં ગ્રામિણ વિસ્તારમાં સિંહોએ દેખા દેતાં સિંહ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા

**હરસુરપુર દેવળીયાથી અડતાળા ગામ સુધીનું સિંહોએ ચક્કર લગાવ્યુ**



અમરેલી, તા. ૨૫

સામાન્ય રીતે જંગલમાં વિહરતા સિંહ હવે ઉનાળાની બળબળતી બપોરના પાણી અને ખોરાકની શોધમાં માનવ વસ્તી તરફ જોવા મળી રહયા છે. ત્યારે લાઠી તાલુકાના ગ્રામીણ પંથકમાં હવે સિંહોના ધામા જોવા મળતાં લોકો સિંહ દર્શન કરવા માટે ઉમટી પડયા હતા.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ લાઠીના હરસુરપૂર દેવળિયા ગામના એક ખેડૂતના ખેતરમાં આજે બપોરના સમયે એકી સાથે સિંહો જોવા મળ્યા હતા. ત્યારે ભરબપોરે ૫ સિંહોના ખુલ્લા ખેતરમાં ફરતા જોવા મળતાં અને આ અંગે વાત વાયુવેગે ફેલાતા લોકો સિંહ દર્શને લોકો ઉમટી પડયા હતા. ત્યારે સિંહ દર્શન કરવા લોકોના ટોળા ઉમટયા હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયેલ છે.

જયારે બાદમાં હરસુરપૂર દેવળિયા ગામથી લાઠી તાલુકાના અડતાળા ગામે આ સિંહનું ટોળું પહોંચ્યું હતું. ત્યારે કાળઝાળ ગરમીમાં સિંહો પહોંચ્યા અડતાળા સુધી પહોંચતા અને આ પંથકમાં સિંહોના ધામાથી ખુલ્લા ખેતરોમાં કામ કરતા ખેડૂતો તથા ખેતમજૂરોમાં ફફડાટ ફેલાયો છે.

### શિક્ષક વિશાલભાઈ મહેતા વિરૂધ્ધ ફરિયાદ

## અમરેલીની હાઉસિંગ સોસાયટીમાં રહેતા શિક્ષિકા સાથે ૮૦ હજારની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૫

અમરેલીના એસ.ટી. બસ સ્ટેશન પાસે આવેલ હાઉસિંગ સોસાયટીમાં રહેતા અને શિક્ષક તરીકે નોકરી કરતાં નિમિત્સાબેન મથુરદાસ મિસ્ત્રી નામના ૫૧ વર્ષિય શિક્ષિકાએ ગાડી લેવા માટે તેમની સાથે નોકરી કરતા શિક્ષક વિશાલભાઈ મહેશભાઈ મહેતા (રહે.બ્રાહ્મણ સોસાયટી અમરેલી વાળા)ને તેઓની ઉપર વિશ્વાસ રાખી રૂપિયા ૮૦,૮૭૯ ગુગલ પે માધ્યમથી

અનુસંધાન પાના ૬ ઉપર









## અમરેલી, મુબંઈ અને નાથદ્વારા વચ્ચે બસ શરૂ કરવાની સાથે

# અમરેલી–અંબાજી વચ્ચેની શરૂ થયેલ બસનું સ્લીપરમાં રૂપાંતર કરો

**જિલ્લા વિકાસ સમિતિ મુસાફરોનાં હિતમાં સતત રજૂઆત કરે છતાં કોઈ પરિણામ મળતું નથી**

**જો કે વિકાસ સમિતિ થાકયા અને હાર્યા વગર સતત રજૂઆત કરી રહી છે**

**સોમનાથ, વીરપુર, ખોડલધામ સહિતનાં યાત્રાધામો સુધીની પણ બસ શરૂ કરવા માંગ**

**એસ.ટી.નાં વિભાગીય નિયામકને પત્ર પાઠવીને વિવિધ સુચનો કરવામાં આવ્યા**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા વિકાસ સમિતિએ એસ.ટી.નાં વિભાગીય નિયામકને પત્ર પાઠવીને વિવિધ રજૂઆત કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીથી અંબાજી બસ શરૂ કરવામાં આવી છે પણ તેમાં સ્લીપર બસ ન હોવાના કારણે મુસાફરો તેનો પૂરતો લાભ લઈ શકતા નથી. અમરેલીથી અંબાજી યાત્રાધામ ૧૧ કલાકનો રસ્તો છે ત્યાં સુધી રાત્રિના સમયે બેસીને જવું મુશ્કેલ છે. જેથી આ રૂટમાં સ્લીપર બસ મૂકવી જરૂરી છે. સીટિંગ બસ બગસરા–અંબાજી પણ અમરેલીથી ચાલે છે પણ તેમાં આખો દિવસ બગડે છે. આ ઉપરાંત અંબાજીથી અમરેલીની બસ સાંજે ૫ વાગ્યે ઉપડે છે અને ઘણી જ વહેલી સવારે અમરેલી પહોંચાડે છે આથી મુસાફરોને મુશ્કેલી થાય છે. અંબાજીથી આ બસ મોડી ઉપાડવામાં આવે અને તેનો સમય સાંજની આરતીનો લાભ લીધા પછી સાંજના ૭ થી ૯ વચ્ચે રાખવામાં આવે તેવી વિનંતી છે. આબુ જવું હોય તો પણ મુસાફરો માટે સાંજે ૫ વાગ્યા પહેલાં અંબાજી પરત ફરવું શકય નથી એટલે રિટર્ન પરત ફરવામાં ભારે મુશ્કેલી છે. આ ઉપરાંત આ બસ વાયા ઊંઝા, પાલનપુર થઈને ચલાવાય છે તેના બદલે વાયા હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા થઈને ચલાવાય તો વધારે મુસાફરો મળે તેમ છે. હાલમાં અમદાવાદ સુધી આ બસમાં ટ્રાફિક રહે છે પણ અંબાજી આવતા જતા મુસાફરોને આવવા જવામાં ભારે મુશ્કેલી છે.

આ ઉપરાંત અમરેલીથી મુંબઈ બસ ચાલતી હતી તે બંધ કરી દેવામાં આવી છે. આ બસ ફરી ચાલુ કરવામાં આવે અને તેમાં સ્લીપર બસ મૂકવામાં આવે તેવી લાંબા સમયથી વેપારીઓની સતત માગણી છે. અમરેલીથી શ્રીનાથજી સ્લીપિંગ બસ રાતના ટાઈમની, સોમનાથ વહેલી સવારે સોમનાથ જવા માટે ઉપડે અને ત્યાથી સાંજે ૫:૦૦ વાગે સોમનાથથી ઉપડે તે રીતે બસો મૂકવી. વીરપુર, ખોડલધામ વગેરે યાત્રાધામની બસ પણ ચાલુ કરવી. અમરેલીથી યાત્રાધામ કનકાઈ બાણેજ જવા માટે અગાઉ બે બસો ચાલતી હતી તે બન્નેમાં ભરચક ટ્રાફિક રહેતો હોવા છતાં બંધ કરી દેવામાં આવી છે. અમરેલીથી કનકાઈ બાણેજ યાત્રીઓ જઈ શકે અને સાંજે ત્યાં રાત્રિ રોકાણની મંજૂરી ન હોવાથી સાંજે પરત ફરવા માટે બસ ઉપડે તે રીતે એસ.ટી. બસ શરૂ કરવા અંતમાં માંગ કરેલ છે.

### GPF યોજના અંતર્ગત

## બાબરામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા માર્ગદર્શન સેમિનારની બેઠક યોજાઈ

**તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ**



તસ્વીર : પંકજ ઈન્ડ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકા પ્રાથમિક શિક્ષણધિકારી કચેરી દ્વારા ૧/૪/૨૦૦૫ પહેલા નિમણુંક પામેલ શિક્ષકોને GPF યોજનામાં સમાવવા માટેના સરકારના નિર્ણય અન્વયે દરખાસ્તો કઈ રીતે તૈયાર કરવી તે અંગેનો માર્ગદર્શન કેમ્પ બાબરા બીઆરસી ભવન ખાતે ૨૫/૪/૨૦૨૫ના રોજ બે તબક્કામાં રાખવામાં આવ્યો જેમા GPF યોજનામાં સમાવવાપાત્ર આશરે ૧૧૦ જેટલાં શિક્ષકોએ ભાગ લીધેલ. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સોનિયાબેન એ. કોટડીયાએ અધ્યક્ષ સ્થાને હાજર રહી જરૂરી સૂચના માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું. સાથો સાથ પગાર કેન્દ્ર શાળાના આચાર્યો ઓફિસનો વહીવટી સ્ટાફ પણ હાજર રહેલ હતા.

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા

## અમરેલી જિલ્લામાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનો થશે પ્રારંભ

**વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીકની ઉજવણી કરાશે**

અમરેલી, તા. ૨૫

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ધ્વારા બાળકોના સ્વાસ્થ્ય માટે વિવિધ આરોગ્યલક્ષી કાર્યકમો શરૂ કરવામાં આવેલ છે. જેમાં સાર્વત્રિક રસીકરણ કાર્યકમ એ ખુબ અગત્યનો કાર્યકમ છે કારણ કે બાળકના સ્વસ્થ જીવન અને સર્વાંગી વિકાસ માટે તમામ રસી અનિવાર્ય છે. આ કાર્યકમ ધ્વારા ૧૧ ગંભીર રોગથી રક્ષણ આપવામાં આવે છે.

ભારત સરકાર ધ્વારા આગામી તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૫થી તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન "World Immunization Week"ની ઉજવણી કરવામાં આવશે. તે અનુસંધાને અમરેલી જિલ્લામાં પણ ઉજવણી કરવામાં આવે જે અંતર્ગત

(૧) તા.૨૪/૪/૨૦૨૫ના રોજ વય આધારિત એનાલીસીસ મુજબ રહી ગયેલા તેમજ છુટી ગયેલા બાળકોનું




રસીકરણ આ મહિનાના ચોથા ગુરૂવારે ખિલખિલાટ વાહનનો ઉપયોગ કરી કોઈ પણ બાળક રસીકરણથી વંચિત ન રહી જાય તે મુજબ કામગીરી કરવામાં આવશે.

(૨) તા.૨૬/૪/૨૦૨૫ના રોજ મિઝલ્સ અને રૂબેલાનાં MR elimination roadmap 2026 સ્ટ્રેટેજી મુજબ વય અધારિત રસીકરણ સમયપત્ર મુજબ મિઝલ્સ અને રૂબેલા (MR)ના ડોઝ બાકી રહી ગયેલા તેવા ૯ મહિનાથી ૫ વર્ષ સુધીના તમામ બાળકોનું ઝુંબેશરૂપે સઘન અચૂક રસીકરણ કરવામાં આવશે.

(૩) આ રસીકરણ કાર્યક્રમ અંતર્ગત નિયમિત રસીકરણ સેશન યોજાતા હોય છે અને તમામ દિવસની કામગીરી દર બુધવારે કરવાની થતી હોય છે. તે ધ્યાને લઈ તા. ૩૦/૪/૨૦૨૫ના રોજ પાંચમા બુધવારે રૂટીન મમતા દિવસનું આયોજન કરવામાં આવશે.

આમ, વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીકની ઉજવણીના ભાગરૂપે તા. ૨૪/૪/૨૦૨૫ના રોજ ખિલખિલાટ રસીકરણ તા. ૨૬/૪/૨૦૨૫ના રોજ ઓરી અને રૂબેલા રસીકરણ અને તા. ૩૦/૪/૨૦૨૫ના અધિકારીની યાદિમાં જણાવવામાં આવ્યું છે.

### શાસ્ત્રીનગર, બક્ષીપુર અને નવા ગીરીયાનાં ગામજનો દ્વારા

## અમરેલીમાં વિમાનનાં અકસ્માતમાં મોતને ભેટેલ પાયલોટનાં આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી

**જે સ્થળે અકસ્માતની ઘટના બની તે સ્થળે શ્રધ્ધાંજલિ અપાઈ**






અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે વિમાની અકસ્માતમાં મોતને ભેટેલ નવયુવાન પાયલટ અનિકેતન મહારાજનાં આત્માની શાંતિ અર્થે પ્રાર્થનાસભા અને શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.

વિમાન અકસ્માતની ઘટના જે સ્થળે બની હતી તે શાસ્ત્રીનગર તેમજ બાજુનાં રહેણાંક વિસ્તાર બક્ષીપુર, નવા ગીરીયાનાં આબાદ–વૃધ્ધ સહિતનાં નાગરિકોએ પાયલટનાં આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરીને પાયલટના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શકિત મળે તેવી પ્રાર્થના કરીને પાયલટને શ્રધ્ધાંજલિ પાઠવી હતી અને આ તકે વાતાવરણ ગમગીનીભર્યુ બની ગયું હતું.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

**GCAS પ્રવેશ રજીસ્ટ્રેશન કાર્ય શરૂ...**

**સંકુલ BA - B.Com.-B.Sc.-BCA-BBA પ્રવેશ**

૧) શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટસ એન્ડ આર.કે. વઘાસીયા કોમર્સ એન્ડ યુ.બી. ભગત સાયંસ મહિલા કોલેજ – (BA - B.Com.-B.Sc. - DMLT)
૨) શ્રી કે. પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજ – (BCA)
૩) શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ બી.બી.એ. મહિલા કોલેજ – (BBA)

★ GCAS ફી ફોર્મ ભરી આપવામાં આવશે.– વેરીફીકેશન કરી આપવામાં આવશે.


## વડિયાના વોર્ડ નં ૬ના રસ્તા માટે નાયબ દંડકને રજૂઆત

વડીયા, તા. ૨૫

વડીયા ગ્રામ પંચાયતના સભ્ય ડોડિયા જુનેદે એ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખીને રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, વોર્ડ નંબર ૬માં હવેલી શેરી, ભરવાડ શેરી અને ઢુઢીયા પીપળીયા નાકા પાસેનો રસ્તો અત્યંત ખરાબ હાલતમાં છે અને તૂટી ગયો છે. હવેલી શેરીમાં ચોમાસામાં વરસાદ અને ગટરનું પાણી ભરાવાના કારણે રસ્તા પર ખાબોચિયાં સર્જાય છે, જેના લીધે લોકોને ચાલવામાં મુશ્કેલી પડે છે અને મચ્છરજન્ય રોગ ફેલાવાની શકયતા રહે છે.

આંગણવાડી પાસે તો ગટરનું પાણી ૨૪ કલાક ભરાયેલું રહે છે, જયાં નાના બાળકો ગંદકીમાં અભ્યાસ કરે છે, જેનાથી તેમના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડી શકે છે. ડોડિયા જુનેદે ૨૦૧૫ની વડીયા હોનારત બાદ રસ્તા વધુ ખરાબ થયા હોવાનું જણાવ્યું છે. વારંવાર રજૂઆત કરવા છતાં સરકાર તરફથી ગ્રાન્ટ ન હોવાનું કારણ આપવામાં આવ્યું છે. આથી તેમણે નાયબ મુખ્ય દંડકને આ વિસ્તારમાં બ્લોક રોડ માટે તાત્કાલિક ગ્રાન્ટ ફાળવીને પ્રશ્નનું નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો.

# જિલ્લા પંચાયતથી મેલેરિયા જનજાગૃત્તિ અર્થે બાઈક રેલીનું પ્રસ્થાન કરાવતાં જિલ્લા વિકાસ અધિકારી






દર વર્ષે તા.૨૫ એપ્રિલના રોજ વિ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે. મચ્છરજન્ય રોગચાળો ન ફેલાઈ અને અગાઉથી જ મચ્છર ઉત્પતિ સ્થાનોને નિયંત્રિત કરવા માટે જનજાગૃત્તિ વધે તે માટે અમરેલી જિલ્લા પંચાયત કેમ્પસ ખાતેથી મેલેરિયા જનજાગૃત્તિ રેલીનું જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતુ. બાઈક રેલીના માપ્રયમથી જિલ્લા પંચાયત રોડ, હરિરામબાપા ચોક સર્કલ, રાજકમલ ચોક સહિતના શહેરના મુખ્ય વિસ્તારોમાં મેલેરિયાને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. બાઈક રેલીમાં મેલેરિયા શાખાના અધિકારી, જિલ્લાના આરોગ્ય અધિકારીઓ, સરકારી હોસ્પિટલ નર્સિંગ સ્ટાફ સહિતના કર્મચારીઓ જોડાયા હતા. મચ્છર ઉત્પતિ સ્થાનોને જો અગાઉથી જ નિયંત્રિત કરવામાં આવે તો મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગનો ફેલાવો અગાઉથી જ અટકાવી શકીએ છીએ. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે જૂન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે પણ ઉજવવામાં આવે છે. ચોમાસાની ૠતુ નજીક છે. મચ્છરથી થતાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગને ફેલાતા અટકાવવા માટે અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા આગોતરા આયોજન સાથે દર વર્ષે કામગીરી કરવામાં આવે છે. જિલ્લાના નાગરિકો પણ આ અંગે જાગૃત્ત બને, મચ્છરના ઉપદ્રવના સ્થાનોને નિયંત્રિત કરે તે જરૂરી છે. માદા એનોફિલીસ એ મચ્છર મેલેરિયાનો ફેલાવો કરે છે, જે મોટેભાગે રાત્રે કરડે છે. માદા એડીસ મચ્છરથી ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ઝીકા વાયરસ ફેલાઈ છે. આ તમામ મચ્છરજન્ય રોગને અગાઉથી જ ફેલાતો અટકાવવા માટે મચ્છર ઉત્પતિ અટકાવવી જરૂરી છે. જયાં ચોખ્ખું–ખુલ્લું અને બંધિયાર પાણી મળે ત્યાં મચ્છર ઉત્પતિ થાય છે. આથી પાણી સંગ્રહના તમામ પાત્રો, હવાચુસ્ત ઢાંકીને રાખવા સાથે ઘરમાં કે ઘરની બહાર કયાંય પાણીનો ભરાવો ન થવા દેવો, ફ્રિજની પાછળની ટ્રે, પક્ષીકુંજ, પશુઓને પાણી પીવાની કુંડી સહિત સ્થાનો પર પાણી ખાલી કરવા, તેને સુકાવા દેવા. છત, છાજલી, અગાસી પર પડેલા નકામા ભંગાર, ટાયર વગેરેનો યોગ્ય નિકાલ કરવો. ખુલ્લા ટાંકા, અવેડા કે જયાં કાયમ પાણી ભરાયેલું રહેતું હોય તેવા સ્થાનો પર પોરાભક્ષક માછલી – ગપ્પી કે ગામ્બુશીયા મૂકવા સહિતની કાળજી લેવી જોઈએ, જેથી મચ્છરજન્ય રોગચાળાને ફેલાતા પૂર્વે અટકાવી શકાય. વિ મેલેરિયા દિવસ નિમિત્તે જનજાગૃત્તિ બાઈક રેલીના માધ્યમથી શહેરના નાગરિકો આગોતરી તકેદારી રાખે અને મેલેરિયા સહિતના મચ્છરજન્ય રોગ ન ફેલાઈ તેની કાળજી રાખવા માટે સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી સહિતના અધિકારી, આરોગ્યશાખા સ્ટાફ બાઈક રેલીમાં જોડાયા હતા.

## સ્વચ્છતા અભિયાન ચલાવો કે અન્ય કોઈપણ ગંદકી કયાંય દૂર થતી નથી

# ગંદકી રે ગંદકી : બગસરા એસ.ટી. ડેપોનું યુરિનલ બદબુદાર

**છેલ્લા ૪ દિવસથી યુરિનલમાં પાણીનો અભાવ હોવાથી મુસાફરવર્ગ તોબા પોકારી ગયો**

**નબળા નેતૃત્વનાં કારણે જવાબદાર અધિકારીઓ જનતાને સુવિધા આપવામાં કરે છે ઠાગાઠૈયા**

**અનેક વખત મુસાફરોએ રજૂઆત કરી છતાં પણ પરિણામ શૂન્ય**

**જાગૃત મુસાફરે વિભાગીય નિયામકને પત્ર પાઠવીને રજૂઆત કરી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫


બગસરા એસ.ટી. ડેપોમાં છેલ્લા ઘણા દિવસોથી મુતરડીમાં પાણી ન આવવાને લીધે ગંદકીથી ત્રાહિમામ પોકારી ઊઠેલા મુસાફરો દ્વારા અનેક વખત ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી છતાં કાર્યવાહીના નામે મીંડું.

હાલમાં બગસરામાં એસ.ટી. ડેપોનો કથળતો વહીવટ સામે આવી રહ્યો છે. ત્યારે ઠેર ઠેર ગંદકીના ગંજ તેમજ સંડાશ બાથરૂમની સફાઈ થતી ન હોવાથી તેમજ હાલમાં પાણી પણ ન આવતું હોવાની ફરિયાદ સામે આવી છે. ત્યારે છેલ્લા ચાર દિવસથી ગંદકીથી ખદબદતું યુરીનલથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. જયારે અહીંયા આવતા મુસાફરોને આ યુરીનલની સફાઈ ન થતા ભયંકર દુર્ગંધનો સામનો કરીને પણ ડેપોની અંદર બેસવું પડે છે. જયારે આ યુરિનલમાં એટલી હદે દુર્ગંધ પ્રસરી રહી છે કે મુસાફરોને માથું ફાડી નાખે તેવી દુર્ગંધનો સામનો કરીને પણ બસસ્ટેન્ડ આવવું પડે અને ત્યાં બેસવું પડે છે. પરંતુ તંત્ર દ્વારા આ ડેપો ઉપર જાણે મીટ્ટી નજર રાખીને બેઠા હોય તેમ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. જયારે અહીંના ડેપો મેનેજરને પણ પેસેન્જર દ્વારા તેમજ જાગૃત નાગરિક દ્વારા અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં સફાઈના નામે ફકત કાગળ ઉપર રૂપિયા ઉતારી સફાઈ કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આ યુરિનલમાં સફાઈના નામે મીંડું વાળી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

જયારે આ જાગૃત નાગરિક દ્વારા છેવટે હાઉસકીપિંગ સફાઈ કામગીરી બાબતે વિભાગીય કચેરી અમરેલીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. ત્યારે તેમના દ્વારા સફાઈના નિયમો અને સફાઈના એગ્રીમેન્ટની કરાર કોપી આ નાગરિકને પાઠવવામાં પણ આવી છે. પરંતુ હાઉસકીપિંગ તેમજ સફાઈની કામગીરીના માસિક બિલો તો ઉધારવામાં આવી રહ્યા છે પરંતુ સફાઈના નામે મીંડુ વાળી રહ્યા છે. એટલું જ નહી પણ વિભાગીય કચેરી અમરેલી દ્વારા આ લેટરમાં લખવામાં આવ્યું છે કે જો સફાઈ સરખી રીતે કરવામાં નહી આવે તો કાયદેસર દંડની રકમ ભરવાની જોગવાઈઓ કરવામાં આવી છે. પરંતુ મુસાફરો આટલી હદે હેરાન પરેશાન થઈ રહેલા છે છતાં અહીંના ડેપો મેનેજરનું પેટનું પાણી પણ હલતું નથી. તો લોકો દ્વારા માંગ કરવામાં આવી છે કે અહીંના ડેપોના અધિકારીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવે અને વહેલામાં વહેલી તકે યુરિનલમાં પાણી ચાલુ કરવામાં આવે અને સફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### ૨૬ એપ્રિલ વર્લ્ડ વેટરનરી ડે

## રાષ્ટ્રની મહાનતા અને તેની નૈતિક પ્રગતિનો આધાર તે દેશના લોકોની પ્રાણીઓ સાથેની વર્તણુંક દ્વારા નકકી કરી શકાય છે : મહાત્મા ગાંધી




અમરેલી, તા. ૨૫

જેવી રીતે માણસ બીમાર થાય છે ત્યારે ડોકટર પાસે જાય છે. તેવી રીતે પ્રાણીઓ માટે જે ચિકિત્સા વ્યવસ્થા કરવામાં આવે છે તેને વેટરીનરી કહે છે. ઘવાયેલા કે બીમાર પશુ–પક્ષી, પાણીઓની ચિકિત્સાને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષે વેટરીનરી ડે સેલીબ્રેટ કરવામાં આવે છે. જે ડોકટર્સ આ જીવોની ચિકિત્સા કરે છે તેમને વેટરનર્સ કહેવામાં આવે છે.

વિશ્વમાં જુદા–જુદા સ્થાનો પર આવા વેટરનર્સને ટ્રેનિંગ આપવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટસ પણ છે. વેટરનર્સ દરરોજ કોઈ ને કોઈ નવી સમસ્યાઓનો સામનો કરતા રહે છે એ વાત સમજી શકાય છે કે ટ્રીટમેન્ટમાં માણસ જેટલી શાંતિ અને સમજદારીથી સહયોગ કરે છે એટલી જ સહજતાથી પ્રાણીઓ સહયોગ કરી શકતા નથી. માટે આ કાર્ય ઘણુ અઘરું બની જાય છે. અહીં જયારે પેટ એનીમલ્સની વાત કરીએ તો ઘણા સમજદાર હોય છે. કોઈ પણ ફેમીલીમાં લોકો એમને એક ફેમીલી મેમ્બર તરીકે ટ્રીટ કરે છે. એક બાળકના જેમ પેટને મેનર્સથી લઈને બધી જ વસ્તુઓ શીખવવામાં આવે છે. પરિણામે તે કોઈ પણ વસ્તુ સમજવા માટે વધુ સંવેદનશીલ બને છે છતા પણ એમનું ધ્યાન રાખવા માટે તો ઘણા લોકો હોય છે. પરંતુ જે રસ્તે રઝળતા પ્રાણીઓ છે એમની સુરક્ષા કરવા હેતુ કોઈ નથી હોતું. વિશ્વ આખું જયારે મહામારીનો સામનો કરી રહ્યો છે. હોસ્પિટલની બહાર માણસનું જીવન બચાવવા માટે એમ્બુલન્સની લાઈનો લાગી છે. મનુષ્યનું જીવન બચાવવા માટે ઓકિસજન ખૂટી પડયું છે ત્યારે આવી પરિસ્થિતિમાં પશુ–પક્ષીઓના જીવન વિશે તો કોણ વિચારે ? જો કે આ પરિસ્થિતિમાં પણ ઘણી નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે જે પશુ–પક્ષી રક્ષા સાથે સંકળાયેલી છે પરંતુ આટલું પુરતું નથી. જો માત્ર એક પ્રાણી, કુતરાની વાત કરીએ તો આજે શેરીએ શેરીએ કુતરા છે એક શેરીમાં આશરે પ કુતરાઓ હોય છે ત્યારે આવી તો કેટલી શેરી, કેટલા વિસ્તાર, કેટલા શહેર ઉપરાંત કેટલાય પ્રાણીઓ સર્વનું રક્ષણ કરવા માટે આવી સંસ્થાઓ ખૂણે ખૂણે પહોચી શકતી નથી માટે ઈશ્વરની ભેટ સમા આ પશુ–પક્ષીઓ સ્વરૂપી કુદરતી રક્ષા કરવાની જવાબદારી આપણી પોતાની સમજીને તેમનું ધ્યાન રાખીએ.

– મિતલ ખેતાણી
(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

## પિપાવાવ નજીક બોટમાંથી શંકાસ્પદ AIS મળી આવ્યું

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના કોસ્ટગાર્ડ સ્ટેશન પિપાવાવ દ્વારા આપેલ માહિતીના આધારે બોટના નં. IND-GJ-MM–૪૯ વિજયકુપા ચેક કરતા આ બોટમાંથી એક ચાઈનીઝ કંપનીનુ એઆઈએસ (ઓટોમેટીક આઈડેન્ટીફીકેશન સિસ્ટમ) જેનુ નામ ONWASHENZHEN મળી આવેલ હોય. જે એઆઈએસમાં કોઈ વાંધાજનક સંદેશા વ્યવહારની આપ–લે થયેલ છે કે કેમ ? તેમજ એઆઈએસ પોતાની બોટમાં કેવા હેતુથી લગાવેલ હોય જે બાબતે વધુ તપાસ કરવા માટે થઈ પોલીસે જાફરાબાદ મરીન પોલીસમાં જાણવાજોગ નોંધ પાડી આગળની તપાસ અમરેલી એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરી ચલાવી રહયા છે.

## લીલીયા તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે ભાસ્કરભાઈ પટેલની નિમણુંક



લીલીયા, તા. ૨૫

ભારતીય જનતા પાર્ટીએ લીલીયા તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે નિમણુંક કરી છે. તેમની નિમણુંકને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને આગેવાનોએ આવકારી છે. ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સોપવા બદલ માનનીય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનો આભાર વ્યકત કરેલ છે.

### સુજલામ સુફલામ જળ અભિયાન "કેચ ધ રેઈન ૨.૦" ૨૦૨૫

## અમરેલી જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ૨૮૮ જેટલા કામોને મંજૂરી આપવામાં આવી

**સુજલામ સુફલામ જળ અભિયાન જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઇ**

અમરેલી, તા. ૨૫

રાજયમાં જળસિંચનના ભગીરથ પ્રયાસોના ભાગરૂપે રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

સુજલામ સુફલામ જળ અભિયાન જિલ્લા અમલીકરણ સમિતિમાં આ બેઠકમાં જિલ્લા કલેકટર અને અધ્યક્ષ અજય દહિયાએ જળ સિંચનના ૨૮૮ કામોને મંજૂરી આપી હતી.

જિલ્લામાં ૫૧ કામો ૧૦૦ ટકા જનભાગીદારીથી ઉપરાંત ૬૦–૪૦ ટકા જનભાગીદારી રેશિયોથી ૧૪૭ કામો કરવામાં આવશે.

અન્ય વિકાસ કામો વિવિધ ખાતાકીય છે. જિલ્લામાં કુલ કરવાના થતાં કામોમાંથી જળસંપત્તિ (રાજય)ના ૯૮ કામો, જળસંપત્તિ (પંચાયત)ના ૯૬ કામો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ૨૬ કામો, જિલ્લા જળસ્ત્રાવ એકમના ૨૦ કામો, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ૧૪ કામો, નગરપાલિકાના ૩૪ કામો છે.

બેઠકમાં જળસિંચન રાજય, જળ સિંચન વિભાગ પંચાયત, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વોટરશેડ, મનરેગા, નગરપાલિકા હસ્તકના જળસિંચનના તાલુકા મુજબના કામોની અને નગરપાલિકા વિસ્તારના કામોની વિગતવારે જિલ્લા કલેકટરએ વિગતો મેળવી હતી. તેમણે સમગ્ર અભિયાનના સુચારૂ આયોજન માટે જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

સુજલામ સુફલામ જળ અભિયાન "કેચ ધ રેઈન ૨.૦" ૨૦૨૫ અંતર્ગત જિલ્લામાં તળાવો ઉંડા કરવા, નદીની સફાઈ, ચેકડેમના ડીસીલ્ટીંગ, કુવા ઉંડા કરવા, હેડ વર્ક સફાઈ, વગેરે કામો કરવામાં આવશે.

આ કાર્યો થકી પાણીની સંગ્રહ શકિતમાં વધારો થશે. આ બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.








**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
**મગડી ગુંદીના લાડુ**
નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫



# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા સંચાલિત જ્ઞાનશકિત શાળામાં ''સમર કેમ્પ''નો શુભારંભ










શ્રીમતિશાંતાબેનહરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે જ્ઞાનશકિત સ્કુલના ભૂલકાઓમાટેતા.૨૫/૪/૨૦૨૫થીતા. ૩/૪/૨૦૨૫ સુધી બાળકોની સુષુપ્ત શકિતઓનેઉજાગર કરવામાટેઅવનવી પ્રવૃત્તિઓ અને શારીરિકને અને માનસિક કસરતોધ્વારાસર્વાંગીવિકાસમાટે ''સમર કેમ્પ–૨૦૨૫''નો શુભારંભ કરવામાં આવ્યો. આ ''સમર કેમ્પ'' કાર્યકમનીરૂપરેખામાં પ્રાર્થના કાર્યકમ, યોગ પ્રાણાયામ, ધ્યાન એકાગ્રતાકસરત, લેજીમ, ડમ્બેલ્સ, કરાટે, સેલ્ફડિફેન્સટ્રેનિંગ વગેરે, લીંબુ ચમચી, કોથળાદોડ, ક્રિકેટ, લાંબીકૂદ, રીલેદોડ, ગોળાફેંક, લોટફૂંકણી, કબડડી, ખો–ખો, ઝુમ્બાડાન્સ, ગરબાજેવી મેદાની તેમજ સંઘીય રમતો અને વિવિધ વિષયોજેવાકે, સંગીતવાધ, સંગીતગાયન, ભારત અને ગુજરાતનાં લોકમેળાઓ, ભારતીય સ્થાપત્ય અને શિલ્પકળા, ચિત્રિકળા, નૃત્યકળા, લોક નૃત્ય, આહાર અનેપોષકવગેરેવિષયાંગપરસેમીનારનું આયોજન તેમજ ખાસ વિષય નિષ્ણાંતો ધ્વારાખૂબજરસપૂર્વકતેમજહળવીભાષા શૈલીમાંવિદ્યાર્થીઓનેઆપવામાંઆવશે. જેથી બાળકોની શારીરિક અને માનસિક શકિતઓમાં વધારો થાય. આ કાર્યકમ અંતર્ગતવિદ્યાસભાનામંત્રીચતુરભાઈ ખુંટ અનેકેમ્પસડાયરેકટરવસંતભાઈ પેથાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. તેમની સાથે તમામ સ્ટાફ ધ્વારા દિપ પ્રાગટય કરી સરસ્વતીમાતાનેયાદ કરીનેસમર કેમ્પનાં કાર્યકને ખુલ્લા મુકવામાં આવ્યો હતો અને પ્રસંગને અનુરૂપ પ્રેરણાત્મક ઉદબોદધન આપીવિદ્યાર્થીઓનેપ્રેરણાઅનેપ્રોત્સાહન પૂરું પાડયુંહતું. આ ''સમર કેમ્પ'' કાર્યકમ વિદ્યાર્થીનાંજીવનભરયાદગાર, જીવન ઉપયોગી તેમજ સફળ બની રહે તે હેતુ વિદ્યાર્થીઓ તેમજ તમામ શિક્ષક સ્ટાફ ધ્વારા સરસ્વતી માતાજીને પ્રાર્થના કરવામાંઆવી હતી.

## સમસ્ત કોળી સમાજ દ્વારા અમરેલી ખાતે ૨૮ જુને સમુહલગ્નોત્સવ યોજાશે

### માતા–પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓ માટે વિનામુલ્યે લગ્નોત્સવ

અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનો ૩૭મો સમૂહલગ્ન કોળી શકિત યુવક મંડળ અમરેલી દ્વારા આયોજન તા. ૨૮/૬/૨૫ રોજ કરવામાં આવેલ છે. માતા–પિતાની છત્રછાયા ગુમાવેલ તેમજ વિકલાંગ યુવક–યુવતીઓનો સમસ્ત કોળી સમાજની દીકરીઓને વિનામૂલ્યે લગ્ન તથા સરકાર દ્વારા સમૂહ લગ્ન સાતફેરા યોજના તેમજ કુંવરબાઈ મામેરાનો લાભ મળશે. તથા લગ્ન રજીસ્ટ્રેશન અને દાતાઓ અને મંડળ તરફથી કરીયાવર આપવાનો પ્રયાસ કરવામાં આવશે. લગ્ન નોંધણી વહેલ તે પહેલા કરવામાં આવશે. નીચે સરનામે મંડળ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરીરામ' હોલસેલ માર્કેટ દુ.નં. બી/એફ–૧૩, પહેલો માળ અમરેલી. ૯૩૭૪૭ ૩૪૮૨૦ તેમજ પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭૯૮૬૪૭, રમેશભાઈ આર. ડાભી અમરેલી ૯૧૦૪૪ ૧૯૬૪૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

પાના ૮ ઉપરનું ચાલું **ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગી**

આગનેકાબુમાંલઈ કુલિંગકરવામાંઆવી હતી અને ફાયર સ્ટાફની સૂઝબુજથી લોકલ જે.સી.બી. દ્વારા લાકડાના સ્ટોરેજનેઅલગઅલગપાર્ટીસન કરીને અન્ય માલ સામાન તેમજ કિંમતી ચીજ વસ્તુઓ બચાવી લીધેલ હતી અને આ ઘટનામાં સદનસીબે કોઈ પ્રકારની જાનહાની થવા પામેલ નથી. આગની ઘટનામાં કેટલી નુકશાની થવા પામેલ છે ? તે તથા આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આ આગને કાબુમાં લેવા માટેની કામગીરીમાં ફાયર સ્ટાફના આનંદભાઈ જાની, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત, કૃષ્ણભાઈ ઓળકિયા, અરૂણભાઈ વાઘેલા, દિલીપસિંહ રાઠોડ, ધવલભાઈ ચાવડા, હર્ષભાઈ ચાવડા વિગેરે જોડાયા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૫૬ | ૧૦૧૮ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૦૭ | ૧૦૭૦ |
| ૩ | શીંગ મોટી | ૮૫૯ | ૧૦૪૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૦૦ | ૧૩૩૧ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૭૯ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૫૪૪૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૭૫ | ૨૧૭૧ |
| ૮ | બાજરો | ૫૪૦ | ૫૪૧ |
| ૯ | જુવાર | ૪૫૬ | ૭૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૫૬ | ૫૫૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૨ | ૫૩૭ |
| ૧૨ | અડદ | ૭૬૦ | ૮૭૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૮૧ |
| ૧૪ | ચણા સફેદ | ૮૦૦ | ૧૨૨૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૩૮૦ | ૧૫૯૭ |
| ૧૬ | તુવેર | ૫૦૦ | ૧૩૪૫ |
| ૧૭ | કપાસ | ૮૩૦ | ૧૫૭૨ |
| ૧૮ | એરંડા | ૭૦૦ | ૧૧૬૪ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૪૪૪૦ |
| ૨૦ | રાયડો | ૯૫૮ | ૯૫૮ |
| ૨૧ | રાય | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨૨ | ધાણા | ૧૦૫૦ | ૧૫૧૫ |
| ૨૩ | ધાણી | ૧૧૦૦ | ૧૭૩૫ |
| ૨૪ | મેથી | ૭૦૦ | ૯૪૦ |
| ૨૫ | સોયાબીન | ૭૭૦ | ૮૧૦ |
| ૨૬ | મરચા લાંબા | ૨૨૦ | ૧૧૭૦ |
| ૨૭ | દેશી મરચા | ૨૪૦ | ૨૫૦૦ |
| ૨૮ | કાંગ | ૪૦૦ | ૫૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી, ચલાલા અને ધારીનાં મુસાફરોને**

સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેનેલઈ અમરેલી, ચલાલા તથા ધારી રેલ્વે સ્ટેશન ઉપર એક પણ ટ્રેન આવશે નહીં અને ત્યાંથી એક પણ ટ્રેન જશે નહીં જેથી અમરેલી, ચલાલા તથા ધારી રેલ્વે સ્ટેશન સુમસામ જોવા મળશે.

આગામી સમયમાં આ ગેજ કન્વર્ઝન બાદ અમરેલી જિલ્લો ભારતીય રેલ્વેના મુખ્ય પ્રવાહના બ્રોડગેજ સાથે જોડાશે અને ટ્રેનોની સ્પીડમાં પણ વધારો થશે. આ ગેજ કન્વર્ઝનનો સૌથી વધુ ફાયદો અમરેલી જિલ્લાના લોકોને થશે.

અમરેલી–ખીજડિયા સેકશનને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવા માટે રેલ્વે વહીવટીતંત્ર દ્વારા સંભવિત આગામી ૬ મહિના માટે તા. ૨૬/૪ (શનિવાર) થી અમરેલીથી વિસાવદર વચ્ચેની રેલ સેવા હંગામી ધોરણે સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અતુલકુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર હાલમાં મીટરગેજ વિભાગમાં કુલ ૧૦ ટ્રેનો ચાલી રહી છે અને તે તમામ ૧૦ ટ્રેનો ભવિષ્યમાં પણ ચાલતી રહેશે. જો કે આ ગેજ કન્વર્ઝન કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમાંથી કેટલીક ટ્રેનોના પ્રસ્થાન, ગંતવ્ય અને ઓપરેટિંગ સમય અસ્થાયી રૂપે બદલવામાં આવશે

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયાનાં પૂર્વ ધારાસભ્યનાં નામની**

કામે પોલીસે જે ચાર્જશીટ કરેલ તેમાં જે તે સમયના ધારાસભ્યની સામે પોલીસે ચાર્જશીટ કરેલ ન હતું. જેથી ફરીયાદી તરફથી તેમના એડવોકેટ આરોપી તરીકે તેમને જોડવા માટેની તથા સી.આર.પી.સી. ની કલમ–૧૭૩(૮) મુજબ વધુ તપાસની માંગણી કરેલ હતી. આમ આ કેસ કોર્ટમાં ચાલુ હતો તે દરમિયાન જે તે સમયના ધારાસભ્ય સામે ગંભીર આક્ષેપો કરતી ફરીયાદ કરવામાં આવેલ હોય તેથી આ કામે ઘણા બધા કાનુની દાવપેચ ફરીયાદી તથા આરોપી બંને પક્ષે ખેલાયેલ હતા.

ત્યારબાદ આ કામની ટ્રાયલ શરૂ થતા ફરીયાદી બહેને જુબાનીમાં પણ પુર્વ ધારાસભ્ય તથા આ કામના આરોપીઓએ મારકુટ કરેલ તે વિગતે જુબાની આપતા તેમની વિસ્તૃત રીતે ઉલટતપાસ બચાવપક્ષે કરવામાં આવેલ હતી.

આ કામના કેસમાં ફરીયાદ પક્ષ તરફથી પુરાવાઓ લેવામાં આવેલા અને ફરીયાદ પક્ષ તરફથી આ કામે ઘણા સાહેદોની જુબાની લેવામાં આવેલી, તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા, તે તમામ સાહેદોની તથા ડોકટરની તથા પોલીસ અધિકારીઓની જુબાની તથા જે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા તે તમામ ધ્યાન લઈને ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર નહીં કરી શકતા તેમજ આ કામે બચાવપક્ષ તરફે રોકાયેલ સીનીયર એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદીની ધારદાર દલીલને ધ્યાને લઈ લીલીયાના જયુડી. મેજી.(ફ.ક.) એમ.એમ. ગાંધી સાહેબે તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૬ | ૧૩૯૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૨૫ | ૭૫૦ |
| ૩ | એરંડી | ૧૧૩૯ | ૧૧૩૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૮૦ | ૧૦૩૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૧૫ |
| ૩ | તલ કાળા | ૪૫૦૦ | ૪૯૦૮ |
| ૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૪૭૦ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૫૩ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૫ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૪૪ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૭૮૦ |
| ૧૦ | અડદ | – | ૮૫૧ |
| ૧૧ | ચણા | ૧૦૬૬ | ૧૦૮૯ |
| ૧૨ | દેશી ચણા | ૧૦૭૦ | ૧૨૧૯ |
| ૧૩ | તુવેર | ૧૨૬૦ | ૧૩૫૦ |
| ૧૪ | એરંડી | ૧૦૮૦ | ૧૧૭૧ |
| ૧૫ | મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | રાય/રાયડો | – | ૧૦૨૦ |
| ૧૭ | ધાણા | ૧૩૫૦ | ૧૬૧૫ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૮૧૬ |

પાના ૧ ઉપરનું ચાલું **પુત્રીની હત્યા કરી**

એમ્બ્યુલન્સ ટીમે આવીને તપાસ કરતા તેણી મૃત્યુ પામ્યાનું જણાયું હતું. તેને ગળાના ભાગે નિશાન પણ હોવાથી પોલીસને જાણ કરતા દોડી આવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ મામલે પોલીસે મૃતક ઈશિકાની માતા મુમતાઝબેનની આગવીઢબે પુછપરછ કરતા ભાંગી પડયા હતા અને રડતા રડતા કબુલ્યું કે દીકરી ઈશિકાના લગ્ન નક્કી થયા હતા પણ તેને અન્ય યુવક સાથે પ્રેમસંબંધ હતો. જે અન્ય ધર્મનો હોવાથી આબરૂ જવાની બીકે તેણીના પિતા મજીદભાઈ ખોખરે રાત્રે અઢી વાગ્યાનાં અરસામાં તેણીનું ગળુ દબાવી હત્યા કરી નાંખી હતી. જેથી ખાંભાના પીઆઈ આર.જી. ચૌહાણે ખુદ ફરિયાદી બનીને ગુનો દાખલ કરી ફરાર પિતા સામે વધુ તપાસ હાથ ધરી અને આરોપીની અટકાયત કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની હાઉસિંગ સોસાયટીમાં**

ગત તા.૧૭/૯/૨૪ના રોજ બપોરના ૨/૫૪ વાગ્યાના સમય દરમ્યાન આપેલ હતા. અને ત્યારબાદ ગાડી અંગે પુછપરછ કરતા તેમજ તેણીએ આપેલ પૈસા બાબતે અવાર નવાર પુછતા આ વિશાલભાઈ મહેતા પૈસા આપવાની ના પાડેલ હતી. અને ઉપરાંત શિક્ષિકાને ધાક–ધમકી આપેલ કે મારી બધે લાગવગ છે. તમે મારૂ કાંઈ કરી નહિ શકો, જેથી તેણી એક મહિલા હોય, અને અમરેલીમાં રહેતા હોય, અને વિશાલભાઈ મહેતા કોઈ ખોટું નુકશાન પહોંચાડશે તેવી બીક હોય જેથી તેણીએ જે–તે સમયે પોલીસ ફરીયાદ કરેલ ન હતી. આ વિશાલભાઈ મહેશભાઈ મહેતાએ શિક્ષિકાને વિશ્વાસમાં રાખી આપેલ રૂપિયા ગાડી પરત ન આપી શિક્ષિકા સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈછે.

**એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૨૭/૨૦૨૫

**અરજદાર :** શ્રી મેરાભાઈ મોહનભાઈ પરમાર
સરનામું : રહે. સીતારામ નગર, જેશીંગપરા, અમરેલી, તા./જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ. અમરેલી, તા./ જિ.અમરેલી.

–: જાહેર નોટિસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **મેરાભાઈ મોહનભાઈ પરમાર** તેમની દિકરી **શ્રી રતન મેરાભાઈ પરમાર**નો **જન્મ (તા.૦૩/૦૫/૨૦૦૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૬–૦૪–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

(જી.જી.બાવીસા)
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૬ | ૧૫૫૧ |
| ૨ | ચણા | ૧૦૨૫ | ૧૦૫૬ |
| ૩ | તુવેર | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૪ | તલ કાળા | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૫ | ધાણા | ૧૧૦૧ | ૧૩૧૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૯૩ | ૪૫૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૦ |
| ૪ | ચણા | ૯૧૫ | ૧૦૬૫ |
| ૫ | મેથી | ૭૬૦ | ૮૪૦ |
| ૬ | ધાણા | ૮૪૦ | ૧૧૮૦ |
| ૭ | તલ સફેદ | ૧૫૪૫ | ૧૫૪૫ |
| ૮ | મગફળી | ૭૮૦ | ૯૩૦ |
| ૯ | રાય | ૯૫૫ | ૯૯૫ |
| ૧૦ | તુવેર | ૮૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | લસણ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૨ | સોયાબીન | ૭૧૧ | ૭૧૧ |

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયા મોટામાં ભૂગર્ભ ગટરનો**

છે અને હાલમાં ગટર બાબતની અલગ–અલગ મીટીંગમાં દિશા એજન્સી પાસે જુની ગટરમાં શું શું ખામીઓ છે અને કયાં કયાં સર્વે કરેલ છે અને શું પ્લાનીંગ કરેલ છે જે બાબતે મીટીંગમાં હાજર લોકોએ પ્લાનીંગ માંગતા કોઈ માહિતી આજદિન સુધી આપવામાં આવેલ નથી અને ફકત મૌખિક ઉડાઉ જવાબો આપવામાં આવે છે અને હાલ ગટરનું કામ એજન્સી ધ્વારા ચાલુ કરવામાં આવે છે. તે કોઈ પ્લાનીંગ વગર ફકત ગટર નવીનીકરણ માટે અંદાજીત ૧૦ કરોડ મંજૂર થયેલ છે તેના બીલો બનાવવા માટે કરવામાં આવેલ છે અને લીલીયાના લોકોની સુવિધા માટે ફાળવેલ રકમ સંપૂર્ણપણે વ્યર્થ જશે અને જેનાથી લીલીયા શહેરના ગટર બાબતના પ્રશ્નનો કોઈ ઉકેલ થશે નહી. જેથી લીલીયા ગામના લોકોના હિતમાં લીલીયા શહેરની ગટરના નવીનીકરણ બાબતનો સર્વે કરતી દિશા એજન્સીને બ્લેક લીસ્ટ કરવા અને ગટરની કામ કરતી એજન્સીને નિયમોનુસાર ગુણવત્તાવાળુ કામ કરાવવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીની મિશન બ્રોડગેજ**

પસાર થતી મહુવા સુરત ટ્રેન અમદાવાદ થઈને ચાલે છે પણ તેનો સમય સુરતને ધ્યાને રાખીને રખાયો હોવાથી અમદાવાદ જવા માટે અનુકૂળ નથી. આ જ રૂટ ઉપર અમદાવાદ માટે ટ્રેન શરૂ કરવામાં આવે જે વહેલી સવારે ઉપાડીને કચેરી સમય સુધીમાં અમદાવાદ પહોંચાડી દે અને રાત્રે પરત ફરવા માટે પણ ટ્રેન મળે તો વેપારીઓને અને સરકારી કર્મચારીને ખૂબ જ ઉપયોગી થાય તેમ છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાંથી પસાર થતી તાજેતરમાં નવી બનેલી જેતલસર ઢસા બ્રોડગેજ લાઈનમાં વાયા ચિત્તલ, લાઠી થઈને વેરાવળ બાંદ્રા સાપ્તાહિક ટ્રેન શરૂ કરવામાં આવી છે. આ રૂટમાં સુરત માટેની દૈનિક ટ્રેન શરૂ કરવામાં આવે તો જિલ્લા મથક અમરેલીના લોકોને ચિત્તલથી તેનો લાભ મળે એમ છે. અમરેલીમાં સુરત માટે ખૂબ જ ડિમાન્ડ છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાંથી પસાર થતી નવી બનેલી જેતલસર ઢસા બ્રોડગેજ લાઈનમાં હાલમાં સેથી વધુ માગણી અને જરૂરિયાત હરિદ્વાર માટેની ટ્રેનની છે. સોમનાથથી હરિદ્વાર ટ્રેન વાયા ચિત્તલ, લાઠી થઈને નીકળે તે રીતે શરૂ કરવામાં આવે તો અનેક લોકોને તેનો લાભ મળે તેમ છે.

ભાવનગર–ઓખા જે અત્યારે વાયા સુરેન્દ્રનગર ચાલે છે, તે તેના મીટર ગેજનાં સમયમાં વાયા ઢસા, કુંકાવાવ ચાલતી હતી, બ્રોડગેજમાં રૂપાંતર થતાં ઢસાથી જેતલસર સુધીના વિસ્તારને અન્યાય કરી વાયા સુરેન્દ્રનગર શરૂ કરી કારણકે ત્યારે ઢસા, લાઠી, કુંકાવાવ, જેતલસરમાં બ્રોડગેજ નહતી, પરંતુ હવે જયારે ઢસા, જેતલસરમાં બ્રોડગેજ થઈ ગઈ છે, ત્યારે આ વિસ્તારને ભુતકાળમાં થયેલ અન્યાય દૂર કરવાને બદલે રેલ્વેતંત્રે પોતાના અહમને પ્રાધાન્ય આપ્યું, સોશ્યલ મીડિયામાં થયેલ માન્ગણીને સંપૂર્ણપણે અવગણી નિમ્ભર તંત્રે કોઈ કાર્યવાહી ન કરી. અગાઉ આ ટ્રેન જુના રૂટ પર ચલાવવાથી સમય અને ટીકીટ બંનેમાં ફાયદો થાય એમ છે તેમ અંતમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૪૧૦ |
| ૩ | મગફળી | ૯૮૯ | ૧૦૧૧ |
| ૪ | જીરૂ | ૩૮૮૫ | ૪૩૭૫ |
| ૫ | ઘઉં | ૪૫૯ | ૫૨૧ |
| ૬ | ધાણા | ૧૨૬૦ | ૧૪૯૦ |
| ૭ | ચણા | ૧૦૫૨ | ૧૦૮૮ |
| ૮ | તુવેર | ૧૨૬૦ | ૧૩૦૦ |
| ૯ | મેથી | ૯૭૦ | ૧૦૩૦ |
| ૧૦ | એરંડા | ૧૦૬૫ | ૧૧૫૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૦ | ૯૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૧ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૬૪ |
| ૪ | સફેદ ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૫ | તુવેર | ૧૧૦૫ | ૧૩૦૦ |
| ૬ | ધાણા | ૧૧૭૯ | ૧૨૭૦ |
| ૭ | એરંડા | ૧૧૪૦ | ૧૧૫૦ |
| ૮ | મકાઈ | ૩૬૬ | ૩૬૬ |
| ૯ | મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૦ | સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |

# અમરેલી ખાતે કોંગ્રેસપક્ષની સંગઠનલક્ષી મહત્વની બેઠક યોજાઈ



તાજેતરમાં સમગ્ર ગુજરાત રાજયમાં કોંગ્રેસ સંગઠન સુજન અભિયાન ચાલી રહ્યું છે તેના ભાગ રૂપે અમરેલી જીલ્લામાં તા ૨૫,૨૬,૨૭/૪/૨૦૨૫ દરેક વિધાનસભામાં અગત્યની મિટિંગનું યોજાવાની છે તેના ભાગ રૂપે આજે અમરેલી વિધાનસભાના મુખ્ય આગેવાનોની મીટિંગ યોજવામાં આવી હતી. આ મહત્વની મિટિંગમાં એક એક કાર્યકર આગેવાનોના સૂચનો લેવામાં આવ્યા અને વ્યકિતગત પણ સાંભળવામાં આવ્યા હતા. અને આવતી કાલે સવારે ૧૦:૩૦ કલાકે સાવરકુંડલા અને સાંજે ૫ વાગ્યે રાજુલા પણ મિટિંગ યોજાવાની છે. આજની આ અતિ મહત્વપૂર્ણ મિટિંગમાં આગેવાનોએ હાજરી આપી હતી. રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ, પુર્વ ધારાસભ્ય AICC ડેલિગેટ જગદીશ જંગીડજી ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પુર્વ પ્રમુખ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ ડો. ઈન્દ્રવિજય ગોહિલજી, પૂર્વ ગુજરાત પ્રદેશમહિલા કોંગ્રેસપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, ગુજરાત રાજયના પુર્વ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ, સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના પુર્વ પ્રમુખઅને વર્તમાન જીલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા કલ્પનાબેન મકવાણા જીલ્લાના મુખ્ય આગેવાનો, પૂર્વધારાસભ્ય, જીલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ઠાકરશીભાઈ મેતલિયા, અર્જુનભાઈ સોસા, શંભુભાઈ દેસાઈ, અમરેલી જીલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણી, તાલુકા પ્રમુખ મનીષભાઈ ભંડેરી, રવજીભાઈ પાનસુરીયા, શહેર પ્રમુખ સંદિપભાઈ પંડ્યા, ટિકુભાઈ વરૂ, શરદભાઈ ધાનાણી, મુજફર હુસેન સૈયદબાપુ, જગદીશભાઈ પાનસુરીયા, પ્રહલાદભાઈ સોલંકી, જીતુભાઈ ગોળવાળા, તેજશ મસરાણી, હિરેન ટીમનીયા જીલ્લાના વિવિધ ફ્ન્ટલ જેમાં યુવક કોંગ્રેસ, NSUI, એસ.સી શેલ, ઓબીસી શેલ, પ્રમુખ, તાલુકા પ્રમુખ અને શહેર પ્રમુખ તેમજ જીલ્લા બોડી ઉપ પ્રમુખો અને મહામંત્રી, મંત્રી તેમજ જીલ્લા પંચાયત સદસ્ય, પૂર્વ જીલ્લા પંચાયત સદસ્ય અને ચુંટણી લડેલા ઉમેદવારઓ તેમજ તાલુકા પંચાયત પ્રમુખઓ, વિરોધ પક્ષના નેતાઓ અને તાલુકા પંચાયતના સદસ્યો અને લડેલા ઉમેદવારઓ, નગરપાલિકાના પ્રમુખો વિરોધ પક્ષના નેતાઓ તેમજ નગરપાલિકાના સદસ્યઓ અને ચુંટણી લડેલા ઉમેદવારઓ અને કોંગ્રેસ વિચારધારા સાથે જોડાયેલા મહત્વના સરપંચ તેમજ આગેવાનઓએ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હિરેન મશરૂની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### રાહુલ ગાંધી પહલગામ હુમલાના પીડિતોને પણ મળ્યા

## આતંકીઓ સમાજના ભાગલા પાડવા માંગે છે : રાહુલ ગાંધી

**હું તમામને કહેવા માંગું છું કે, આતંકવાદીઓ દ્વારા થઈ રહેલા પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે આખો દેશ એકજૂટ થઈને ઉભો છે : રાહુલ ગાંધી**

શ્રીનગર, તા.૨૫

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો થયા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી શ્રીનગરની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તેમણે હુમલાના પીડિતો સાથે મુલાકાત કરી છે. તેમણે કહ્યું કે, 'આતંકવાદીઓનો ઈરાદો સમાજમાં ભાગલા પડાવવાનો છે અને આપણે આતંકવાદીઓને સફળ થવા દેવાના નથી. હું તમામને કહેવા માંગું છું કે, આખો દેશ એક થઈને ઉભો છે. જે કાંઈ પણ થયું, તેની પાછળ સમાજના ભાગલા પાડવાનું ષડયંત્ર છે. તેમણે કહ્યું કે, 'જમ્મુ-કાશમીરમાં અમારા ભાઈ-બહેનો પર કેટલાક લોકો હુમલો કરી રહ્યા છે, તે જોઈને મને દુ:ખ થયું છે. જે કંઈપણ થયું તેની પાછળ સમાજના ભાગલા પાડવાનું ષડયંત્ર છે. મેં ઈજાગ્રસ્ત થયેલા લોકોમાંથી એક પીડિત સાથે મુલાકાત કરી. મેં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને એલજી મનોજ સિન્હા સાથે પણ મુલાકાત કરી. મારો પ્રેમ અને સ્નેહ હુમલામાં જીવ ગુમાવનાર મૃતકોના પરિવારના સભ્યો સાથે છે. ગઈકાલે અમારી અને કેન્દ્ર સરકાર વચ્ચે બેઠક યોજાઈ હતી. અમે સરકારને તમામ પગલા ભરવા માટે સમર્થન આપ્યું છે.'

તેમણે કહ્યું કે, 'હું અહીં એ જાણવા આવ્યો છું કે, અહીં પર શું થઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરના તમામ લોકોએ હુમલાની નિંદા કરી છે અને આખા દેશે તેમને સમર્થન આપ્યું છે. હું તમામને કહેવા માંગું છું કે, આતંકવાદીઓ દ્વારા થઈ રહેલા પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે આખો દેશ એકજૂટ થઈને ઉભો છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, તમામ ભારતીયો એક થયા છે.'


રાહુલ ગાંધીએ આજે જમ્મુ-કાશમીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે મુલાકાત કરી અને પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલા અંગે ચર્ચા કરી હતી. અધિકારીઓએ કહ્યું કે, રાહુલ ગાંધી પહેલા અહીં સેનાની હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત પ્રવાસીઓ સાથે વાતચીત કરી હતી, ત્યારબાદ તેમણે મુખ્યમંત્રી સાથે તેમના નિવાસ્થાને મુલાકાત કરી હતી.

તેમની મુલાકાતનો ઉદ્દેશ્ય પીડિતો અને તેમના પરિવારો સાથે એકતા વ્યક્ત કરવાનો છે. રાહુલ ગાંધી ગુરુવારે કોંગ્રેસ કાર્યકારી સમિતિની એક મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપવા માટે પોતાનો અમેરિકાનો પ્રવાસ ટુંકાવી તાત્કાલીક પરત આવ્યા હતા. તેમણે સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં ભાગ લીધો હતો. બેઠકમાં આ આતંકવાદી હુમલા વિશે તમામ પક્ષોને માહિતી અપાઈ હતી. સર્વપક્ષીય બેઠક બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે, આતંકવાદી હુમલા અંગે સરકાર દ્વારા લેવામાં આવેલા દરેક પગલાને અમારું સમર્થન છે.

રાહુલ ગાંધીએ બેઠકમાં હાજરી આપ્યા બાદ મીડિયાને કહ્યું કે, તમામ પક્ષોએ આ આતંકવાદી હુમલાની નિંદા કરી છે. આતંકવાદ સામે સમગ્ર વિપક્ષ સરકારની સાથે છે. આ મામલે સરકાર ગમે તે પગલાં લે, વિપક્ષ સરકારની સાથે ઉભો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક લગભગ અઢી કલાક ચાલી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર હતા. બધા પક્ષોએ પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી છે.

ઉલ્લેખનીય છે કે, ૨૨ એપ્રિલ મંગળવારે દક્ષિણ કાશ્મીરના પહલગામની બૈસરન ખીણમાં આતંકવાદીઓએ કારતાની હદ વટાવી પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કરી ૨૬ પ્રવાસીઓની હત્યા કરી હતી. સેનાની વેશમાં આવેલા આતંકીઓ બૈસરન ખીણમાં આવી પ્રવાસીઓને પહેલા ધર્મ પૂછ્યો, આઈડી જોયું અને પછી હિન્દુ છો, કહીને ગોળીબાર કર્યો હતો. ૨૬ મૃતકોમાં મોટાભાગના પ્રવાસીઓ છે, જ્યારે બે વિદેશી અને બે સ્થાનીક નાગરિકો સામેલ છે. આ ઘટના બાદ દેશભરમાં રોષ ભભુક્યો છે અને તમામ લોકો આતંકીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. વિશ્વભરમાં પણ આતંકી હુમલાની નિંદા કરવામાં આવી છે.

### સાવરકુંડલાનાં કુંડલપુર હનુમાનજી મંદિરનો પાટોત્સવ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલાના મેઈન બજાર સ્થિત શ્રી કુંડલપુર હનુમાનજી મંદિરે ભવ્ય પાટોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે બગસરા ગ્રુપ દ્વારા સુંદરકાંડના પાઠનું આયોજન થયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભકો જોડાયા હતા. સવારે પ્રવજારોહણ અને મહાપૂજા યોજાઈ હતી. સવારથી સાંજ સુધી હોમાત્મક પંચકુંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત કરશનગીરી બાપુ અને અન્ય સંતોના માર્ગદર્શન હેઠળ આયોજિત આ પાટોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી હતી.

### પી.એમ.કિસાન યોજનાના લાભાર્થી ખેડુતોને

## એગ્રીસ્ટેક પ્રોજેક્ટ ખેડૂતોને ફાર્મર આઈ.ડી. મળશે

અમરેલી, તા. ૨૫

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત અને ગુજરાત સરકારના સંયુકત પ્રયાસોથી ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી. મળશે.

રાજયમાં પી.એમ. કિસાન યોજનામાં પાત્રતા ધરાવતા ખેડુતોની ફાર્મર આઈ.ડી.ની નોંધણી ફરજિયાત છે. પી.એમ. કિસાન યોજનામાં સેલ્ફ રજિસ્ટ્રેશનથી અરજી કરતા સમયે એપ્લિકેશન ફોર્મમાં ફાર્મર આઈ.ડી.ની વિગતો આપવી. રાજયમાં એગ્રીસ્ટેક– ડી.પી.આઈ. હેઠળ ખેડુત નોંધણીની કામગીરી ગ્રામ્ય સ્તરે ઝૂંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. જેના અંતર્ગત રાજયના પી.એમ કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ યોજનાના આગામી ૧૯માં હપ્તાનો લાભ મેળવવા માટે ફાર્મર રજિસ્ટ્રી કરાવવી. ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ https://gifr.agristack. gov.in/ farmer- regitry-gj/#/ વેબસાઈટ પર ખેડુતો ઘરબેઠાં જાતે અથવા નજીકના સીએસસી સેન્ટર પરથી રજિસ્ટ્રેશન થઈ શકશે. રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને ડિજિટલ પ્લેટફોર્મ મારફતે તમામ વિવિધ યોજનાકીય લાભો, ધિરાણ સંબંધી લાભો અને માર્કેટ સંબંધી જાણકારી સરળ બનશે. કેન્દ્ર સરકાર દ્વારા પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને આગામી હપ્તા માટે ખેડુત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરવામાં આવી હોવાથી સત્વરે આ પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ છે. આ બાબતે ખેડૂતોએ આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને ૮–અ નકલ, ૭–૧૨ નકલની વિગત સાથે વધુ વિગતો માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વિ.સી.ઈ.) અને શહેરી વિસ્તારમાં સીટી તલાટીનો સંપર્ક કરી ડેટા એન્ટ્રી ઓપરેટર મારફતે રજિસ્ટ્રેશન કરાવવું.

આ અંગેની વધુ વિગતો, જાણકારી અને માર્ગદર્શન માટે ગામના તલાટી કમ મંત્રી, સીટી તલાટી (કસ્બા તલાટી), તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી, મામલતદારનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### હવે રવાના કરવાની તૈયારી

## ગુજરાતમાં ૪૦૦ કરતાં વધુ પાકિસ્તાનીઓની થઈ ઓળખ

**અમદાવાદમાં વધુ ૭૭ પાકિસ્તાની નાગરિકો, સુરતમા ૪૪ અને કચ્છમાં ૫૦ પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો**

ગાંધીનગર, તા. ૨૫

પહલગામમાં આતંકી હુમલા પછી ભારતે પાકિસ્તાનને આકરો સંદેશો આપતા બુધવારે સાર્ક વિઝા હેઠળ આવેલા પાકિસ્તાનીઓને દેશ છોડવા આદેશ કર્યો હતો. ભારત સરકારે હવે ગુરુવારે પાકિસ્તાની નાગરિકોના મેડિકલ સહિત તમામ પ્રકારના વિઝા રદ કરી દીધા છે. અમિત શાહે મુખ્યમંત્રીઓને કહ્યું છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પાકિસ્તાનના લોકોને પોતપોતાના રાજ્યોમાંથી હટાવે. ગૃહમંત્રીએ અધિકારીઓ સાથેની બેઠક બાદ આ નિર્ણય લીધો છે. આ દિશામાં ગુજરાત સરકાર એક્શનમાં આવી ગઈ છે. ગુજરાતમાં રહેલા પાકિસ્તાની નાગરિકોને હાંકી કાઢવા માટે કવાયત તેજ ધરાઈ છે. ગૃહ વિભાગ દ્વારા પાકિસ્તાની નાગરિકોની યાદી તૈયાર કરાઈ છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલાની જઘન્ય ઘટના બાદ ભારતે પાકિસ્તાન પર આકરા પ્રતિબંધો લાદી દીધા છે. જે પૈકી એક ભારતના શોર્ટ ટર્મ વિઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકોને ૨૭ એપ્રિલ સુધીમાં દેશ છોડવા જણાવ્યું છે. ગુજરાતમાં રહેલા પાકિસ્તાની નાગરિકોને લઈને સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં લોન્ગ ટર્મ વિઝા પર ૪૩૮ પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. અમદાવાદમાં વધુ ૭૭ પાકિસ્તાની નાગરિકો, સુરતમા ૪૪ અને કચ્છમાં ૫૦ પાકિસ્તાની નાગરિકો, ગુજરાતમાં શોર્ટટર્મ વિઝા પર રહેલા ૭ નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. આ સિવાય શોર્ટ ટર્મ વિઝા પર સૌથી વધુ ૫ પાકિસ્તાની નાગરિકો અમદાવાદમાં હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૧ ભરૂચ અને ૧ વડોદરામાં પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. ગુજરાતમાંથી પહેલા પાકિસ્તાની નાગરિકને તત્કાળ ભારતના બહાર મોકલવામાં આવ્યા છે જેનું નામ શાહિદા બીબી છે જે ભરૂચમા પોતાના સગાના ઘરે હતા. શોર્ટ ટર્મ વિઝા પર રહેલ શાહિદા બીબી પાકિસ્તાન મોકલી દેવામાં આવ્યા છે. અટારી બોર્ડરથી પાકિસ્તાન મોકલી દેવામાં આવી છે. વડોદરામાં એક મહિલા શોર્ટ ટર્મ વિઝા પર આવ્યા છે. તેમણે આગામી બે દિવસમાં દેશ છોડવો પડશે. આ હુમલા બાદ ભારત સરકારે સૌથી પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચેની સિંધુ જળ સંધિને મુલતવી રાખી હતી. ભારતે પાકિસ્તાનને ઔપચારિક પત્ર લખીને સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની જાણકારી આપી હતી.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતમાં વસતા પાકિસ્તાનીઓ મામલે જાણાવ્યું હતું કે, ભારત સરકારના નિર્ણયનું પાલન કરવું એ રાજ્ય સરકારની જવાબદારી છે. તમામ જિલ્લાના અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. અને પાકિસ્તાની પીડિતોને કોઈ જાતની હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રખાશે. જેટલા લોકોને દેશ છોડવાનું અલ્ટિમેટમ છે તેમની એસઓજી અને લોકલ પોલીસ કામગીરી કરી રહી છે. અલ્ટિમેટમ બાદ જો કોઈ પાકિસ્તાની અહીં રહેશે તો જે કરવાનું થતું હશે એ કરીશું એમાં કાઈ કહેવાનું ન હોય.

## પહલગામ હુમલા બાદ ૧૭ લોકો જમ્મુ-કશ્મીરથી ભાવનગર પરત ફર્યા

ભાવનગર,તા.૨૫

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહિત ૨૬ ભારતીયોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં સુરતના એક યુવક અને ભાવનગરના પિતા-પુત્રનું પણ મોત નીપજ્યું છે૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં ફસાયેલા આ ભાવનગરના ગ્રુપને થયેલા દર્દનાક અનુભવ બાદ ઘરે પરત લાવવામાં આવ્યા છે. જોકે અન્ય છ લોકો પહેલાં જ દિવસે શ્રીનગરથી મુંબઈ અને પછી ભાવનગર પહોંચ્યા હતા. ભાવનગરથી પહલગામના પ્રવાસે ૨૦ લોકોનું ગ્રુપ ગયું હતું. આતંકવાદી હુમલામાં બચી ગયેલા લોકોએ ભયાનકતાને યાદ કરતાં જણાવ્યું કે તેઓ કેવી રીતે આરામ કરી રહ્યા અને ફોટા પાડી રહ્યા હતા. ત્યારે અચાનક ગોળીબારી શરૂ થઈ. શરૂઆતમાં તેમને લાગ્યું કે હથિયારોથી સજ્જ હુમલાખોરો સેનાના જવાન છે, પરંતુ ટૂંક સમયમાં તેમને ખબર પડી કે તેમના પર આતંકવાદી હુમલો થયો છે. સ્થિતિની વાસ્તવિકતા સામે આવતાં આ ઘાતક ભયમાં ફેરવાઈ ગયો. જેમાં ભાવનગર શહેરના નવા ભરતનગર પોલીસ સ્ટેશન પાછળ આવેલી જીએમડીસી કોલોની, મુખ્યમંત્રી આવાસ યોજનાની શેત્રુંજી રેસીડેન્સી, પહેલા માળે, ઈ-૧૦૪માં રહેતા વિનુભાઈ ત્રિભુવનભાઈ ડાભી (ઉ.વ.૬૨)ને હાથની કોણીના ભાગેથી ગોળી વાગીને નીકળી જતાં તેમને લોહિયાળ હાલતમાં સારવાર માટે અનંતનાગ ગર્વમેન્ટ મેડીકલ કોલેજમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

ભાવનગરથી શ્રીનગર ગયેલા પર્યટકો (૧) યતિશભાઈ સુધીરભાઈ પરમાર (મૃત્યુ)
(૨) સ્મિત યતીશભાઈ પરમાર (મૃત્યુ)
(૩) કાજલબેન યતીશભાઈ પરમાર
(૪) વિનુભાઈ ત્રિભુવનભાઈ ડાભી (ઈજાગ્રસ્ત)
(૫) લીલાબેન વિનુભાઈ ડાભી
(૬) ધીરૂભાઈ ડાયાભાઈ બારડ
(૭) મંજુલાબેન ધીરૂભાઈ બારડ
(૮) મહાસુખભાઈ રાઠોડ
(૯) પુષ્પાબેન મહાસુખભાઈ રાઠોડ
(૧૦) હરેશભાઈ નાનજીભાઈ વાઘેલા
૧૧) અસ્મિતાબેન હરેશભાઈ વાઘેલા
(૧૨) ખુશી હરેશભાઈ વાઘેલા
(૧૩) મંજુબેન હરજીભાઈ નાથાણી
(૧૪) સાર્થક મનોજભાઈ નાથાણી
(૧૫) હરજીભાઈ ભગવાનભાઈ નાથાણી
(૧૬) હર્ષદભાઈ ભગવાનભાઈ નાથાણી
(૧૭) ચંદુભાઈ જેરામભાઈ બારડ
(૧૮) ચંદુભાઈ તુલસીભાઈ બારડ
(૧૯) ગીતાબેન ચંદુભાઈ બારડ

# રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ




તાલુકા આરોગ્ય કચેરી રાજુલા તળેના આરોગ્ય કેન્દ્રો દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડા. રશ્મિકાંત જોષી અને ડીએમઓ ડા.એ.કે.સિંઘના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ૨૫મી એપ્રિલના રોજ વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.જેમા રાજુલામા વર્ષ ૨૦૨૪ દરમિયાન લીધેલ ૩૯૪૩૩ લોહીના નમુના સામે ફક ૦૪ મેલેરિયાના કેસ નોંધાયેલ જે અગાઉના વર્ષો કરતા નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે અને મેલેરીયા નિયંત્રણમાં પણ મોટી સફળતા મળી છે. ગુજરાત સરકારે ૨૦૧૭ સુધીમા અને ભારત સરકારે ૨૦૩૦ સુધીમાં મેલેરીયા મુક્ત થવાના લક્ષ્યને સિદ્ધ કરવા માટે રાજુલા તાલુકાના ૩૧ આરોગ્ય કેન્દ્રો,૨૫ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ૧૨૨ આશા બહેનો દ્વારા મેલેરીયા નિયંત્રણ માટે તાવના કેસની ૩૯૪૩૩ બ્લડ સ્લાઈડ કલેક્શન, પોરાનાશક કામગીરી, પાણીના સ્ત્રોતોમાં દવાનો છટકાવ, ગપ્પી માછલીઓનો ઉપયોગ, ફોગિંગ સ્પ્રે અને મચ્છરદાની વિતરણ જેવા પગલાનો સમાવેશ થાય છે જે પ્રયાસોના કારણે તાલુકામાં મેલેરીયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. રાજુલા તાલુકામાં મેલેરિયાના નિદાન માટે બે પ્રકારનું સર્વેલન્સ ચાલે છે. પેસીવ સર્વેલન્સ જેમા આરોગ્ય કેન્દ્રોમાં આવતા તાવના દર્દીઓની તપાસ કરવામાં આવે છે.જયારે એક્ટિવ સર્વેલન્સમાં આરોગ્ય કર્મચારીઓ ઘરે ઘરે જઈને તપાસ કરે છે.તેમજ દર વર્ષે વર્ષાઋતુમાં ઉપરોક્ત કામગીરીને ઝડપી અને ધનિષ્ઠ બનાવવા માટે શહેરી અને અર્બન વિસ્તારમાં ખાસ વેક્ટર કંટ્રોલ ટીમો દ્વારા ચાર મહિના સુધી સઘન નિયંત્રણ કામગીરી આરોગ્ય કેન્દ્રોના મેઈલ સુપરવાઈઝરો દ્વારા મોનીટરીગ અને સુપરવિઝન હેઠળ કરવામાં આવતી હોવાનુ તાલુકા આરોગ્ય અધિકારી ડો.એન.વી. કલસરીયા દ્વારા જણાવેલ. રાજુલા તાલુકામાં જન ભાગીદારી અને સહકાર પ્રાપ્ત કરવા માટે મેલેરીયા વિશે જનજાગૃતિ રેલી,શાળાઓના બાળકો અને લોકોને મેલેરીયા વિશે સમજણ,પત્રિકા વિતરણ,ભીતસુત્રો વિગેરે પ્રચાર – પ્રસાર ઝુંબેશ દ્વારા તાલુકા આરોગ્ય અધિકારી ડા.નિલેશ કલસરીયા, સુપરવાઈઝર સંજયભાઈ દવે, આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ હતી અને લોકોમા જાગૃતતા લાવવા માટેના પ્રયત્નો કરવામા આવ્યા હતા જે યાદીમા જણાવેલ છે.





## જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ પણ સુવિધા ઉપલબ્ધ નથી

# લીલીયા મોટામાં ભૂગર્ભ ગટરનો ચાલતો વિવાદ શમતો નથી

### દોઢ દાયકા પહેલા ૧૧ કરોડનાં ખર્ચે બનેલ ભૂગર્ભ ગટરનાં કામમાં બેફામપણે ગેરરીતિ થઈ ચુકી છે

### ૧૧ કરોડ બાદ વધુ ૧૦ કરોડનો ખર્ચ થતો હોવા છતાં પણ અનેક ફરિયાદો

### ''ખાતો નથી ખાવા દેતો નથી''નું સુત્ર લીલીયાની ગટર યોજનામાં સદંતર પોકળ સાબિત થયું

### સત્તા પક્ષનાં જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે ડીડીઓને પત્ર પાઠવીને અનેક ફરિયાદ કરી

અમરેલી, તા. ૨૫



લીલીયોમટામાં ૧૫ વર્ષથી ભૂગર્ભ ગટરની કામગીરીને લઈને અનેક વિવાદ સામે આવી રહ્યા છે અને ૧૧ કરોડ બાદ વધુ ૧૦ કરોડનો ખર્ચ થવા જઈ રહ્યો હોય તેમાં પણ વ્યાપક ગેરરીતી થતી હોવાની ફરિયાદ સત્તા પક્ષનાં જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે ડીડીઓને પાઠવેલ પત્રમાં કરેલ હોય. ''ખાતો નથી ખાવા દેતો નથી'' સુત્ર લીલીયાની ભૂગર્ભ ગટરનાં બનાવમાં સદંતર પોકળ સાબિત થયું છે.

ડીડીઓને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, લીલીયા શહેરમાં સરકાર ધ્વારા લોકોની સુખાકારી માટે અંદાજીત ૧૧ કરોડના ખર્ચે ગટરની યોજના કાર્યરત કરવામાં આવેલ હતી. પરંતુ જે ગટરનું કામ ખૂબ જ નબળી ગુણવત્તાનું અને લીલીયા શહેરના જમીનની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લીધા વગર થયેલ હતું. જેથી ગટર યોજનાની લોકોની સુવિધા થવાને બદલે દુવિધા બની ગયેલ અને લીલીયા શહેરમાં ગટરનું ગંદુ પાણી નિકાલ થવાને મુખ્ય બજાર, નાવલી બજાર અને અલગ–અલગ શેરીઓમાં ભરાવા લાગેલ. જેના કારણે શહેરનાં લોકો અને વેપારીઓ ગટરના ગંદા પાણી વચ્ચે ત્રાહિમામ પોકારી ગયેલ. જેના અનુસંધાને ગુજરાત સરકાર ધ્વારા લીલીયા ગટરની ખામીઓને ધ્યાને લઈ ગટરના નવીનીકરણના કામ માટે અંદાજીત ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. પરંતુ અગાઉની ગટરમાં શું શું ખામીઓ રહેલી છે તે બાબતનો સર્વે અમદાવાદની દિશા એજન્સી કરવા માટે નિમાયેલ છે પણ દિશા એજન્સી ધ્વારા સ્થળ પર ગટરની ખામીઓ બાબતનો સર્વે કરેલ નથી અને ફકત કોમ્પ્યુટરરાઈઝ ડ્રોઈગ રજુ કરી દીધેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## બ્રોડગેજની કામગીરીને લઈને ટ્રેન વ્યવહાર બંધ થશે

# અમરેલી, ચલાલા અને ધારીનાં મુસાફરોને ૬ મહિના સુધી ટ્રેનનાં દર્શન થશે નહી

### બ્રોડગેજની કામગીરી પૂર્ણ થયા બાદ ટ્રેન વ્યવહાર પૂનઃ શરૂ થશે

અમરેલી, તા. ૨૫

હાલમાં અમરેલી–ખીજડિયા સેકશનનું ગેજ કન્વર્ઝનનું કામ પ્રગતિ પર છે જે આગામી ૬ મહિનામાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેથી હાલમાં અમરેલી જિલ્લામાં મીટરગેજ રેલ સેવા ઉપલબ્ધ છે જે આવતીકાલથી ૬ મહિના માટે મીટરગેજ રેલ સેવા હંગામી ધોરણે

અનુસંધાન પાના ૬ ઉપર



## અગરબતી જયાં બનતી હતી તેવી

# લાઠીનાં કેરાળા ગામના પાટિયા નજીક એક ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગી

### ફાયર ટીમે આગ ઉપર કાબુ મેળવ્યો



અમરેલી, તા. ૨૫

લાઠી તાલુકાના કેરલાના પાટિયા પાસે આવેલ અગરબતી ઈન્ડસ્ટ્રીઝમાં ગઈકાલે સાંજના અચાનક આગ લાગવાની ઘટના બનેલ હતી. જેની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે કરવામાં આવતાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ બે ફાયર ટેન્કર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી અને અંદાજિત ૫૦ હજાર લીટર જેટલો પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધેલ હતો. પરંતુ આ આગની ઘટના બનેલ તે સ્થળ ઉપર ૧૦૦ ટન જેટલો લાકડાનો જથ્થો હોવાના કારણે મોડી સાંજના

અનુસંધાન પાના ૬ ઉપર

## લીલીયાની જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) કોર્ટમાં કેસ ચાલી જતા

# લીલીયાનાં પૂર્વ ધારાસભ્યનાં નામની સંડોવણી કરતા ચકચારી કેસમાં તમામ આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો

### આરોપી પક્ષે એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૨૫



લીલીયાના પુર્વ ધારાસભ્ય નામની સંડોવણી કરતા ચકચારી કેસમાં અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો ધ્યાને લઈ લીલીયાના જયુડી. મેજી. (ફ.ક.) એમ.એમ. ગાંધી સાહેબે આરોપીઓને નિર્દોષ ઠરાવ્યા છે.

આ બનાવની વિગત જોઈએ તો ફરીયાદી દયાબેન બાબુભાઈ રામાણીના લગ્ન હાથીગઢ ગામના વિપુલભાઈ વાલજીભાઈ માંડણકા સાથે થયેલ હતા અને લગ્નજીવનથી તેમને એક દિકરીનો જન્મ થયેલ હતો. ત્યારબાદ તેમના સાસરીયા પક્ષવાળા જેમાં તેમના પતિ વિપુલભાઈ વાલજીભાઈ માંડણકા, સસરા વાલજીભાઈ ગોબરભાઈ માંડણકા, સાસુ હંસાબેન વાલજીભાઈ માંડણકા, દિયર કેતનભાઈ વાલજીભાઈ માંડણકા, દેરાણી અનિતાબેન કેતનભાઈ માંડણકા, તેમના કાકાજી પ્રવિણભાઈ ગોબરભાઈ માંડણકા વિ. એ સાથે મળીને ફરીયાદી બહેનને હાથીગઢ મુકામે બપોરના સમયે તેમના મોટા સસરાના ઘરે સાથે મળીને ઢીકાપાટુનો માર મારેલ તથા ગાળો આપેલ હતી. તે સમયે જે તે સમયના પુર્વ ધારાસભ્યે પણ મારવામાં હાજર હતા તે સમયે દેવચંદભાઈ શંભુભાઈ તથા કનુભાઈ દરબારે ફરીયાદી બહેનને માર મારવામાંથી બચાવેલ હતા અને આ બહેને મહીલા હેલ્પ લાઈનમાં ફરીયાદ કરીને જણાવેલ હતું કે તેમના સાસરીયા પક્ષ તરફથી મેણાટોણા મારી અને છેલ્લા ઘણા સમયથી દુઃખત્રાસ આપી મારકુટ કરી શારિરીક, માનસીક ત્રાસ આપવામાં આવે છે તે વિગતે તેઓએ જે તે સમયના પુર્વ ધારાસભ્ય સહીત તમામ આરોપીઓ સામે તા. ૨૦/૪/૨૦૧૭ના રોજ ફરીયાદ આપેલ હતી. ત્યારબાદ જે તે સમયના ધારાસભ્ય સીવાય તમામ આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૪૯૮(ક), ૧૧૪ વિ. મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

ઉપરોકત ચાર્જશીટની સાથે ફરીયાદી બહેને ઈજા અંગે જે સારવાર લીધેલી તેનું મેડીકલ સર્ટીફીકેટ પણ રજુ થયેલ હતું. આ

અનુસંધાન પાના ૬ ઉપર

## સાસંદ સુતરીયાને આવેદનપત્ર પાઠવ્યુ

# અમરેલીની મિશન બ્રોડગેજ સમિતિએ વિવિધ રજુઆત કરી

### વ્યાજબી માંગ સંતોષાઈ તે સમયની માંગ

અમરેલી, તા. ૨૫

મિશન બ્રોડગેજ સમિતિ અને જિલ્લા વિકાસ સમિતિ અમરેલી દ્વારા જિલ્લાના પાયાના પ્રશ્નો અંગેની સાસંદને રજૂઆત કરવામાં આવી છે. અમરેલીમાં હાલમાં બ્રોડ ગેજની કામગીરી ચાલુ છે તે ધીમી ગતિથી ચાલે છે. એ ખૂબ ઝડપથી આગળ વધે અને મીટર ગેજ બંધ થયા બાદ ફરી ઝડપથી ચાલુ થાય જયાં સુધી મીટર ગેજ બંધ રહે ત્યાં સુધી સોમનાથ જયોતિર્લિંગ આવવા અને સાંજે પરત



ફરવા માટે અનુકુળ સમયે એસટી બસ મળે તે રીતે બસ ચાલુ કરાવવા વિનંતી.

અમરેલી જિલ્લામાંથી

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)